# ડોનાલ્ડ ટ્રમ્પ ગાંધી આશ્રમમાં રેંટિયો કાંતશે

## ગાંધીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવાશે : સાબરમતી રિવરફ્રન્ટનો નજારો બતાવી મોદી આશ્રમની વિગત કહેશે

અમદાવાદ,તા. ૧૮

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ શહેરના સાબરમતી વિસ્તારમાં આવેલા ઐતિહાસિક ગાંધી આશ્રમ ખાતે રેંટિયો કાંતશે અને પોતાનો અનુભવ વર્ણવશે. ગાંધી આશ્રમમાં પ્રવેશ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્ની ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવશે. તો, ગાંધી આશ્રમની મુલાકાત દરમ્યાન વડાપ્રધાન મોદી સાબરમતી રિવરફ્રન્ટનો નજારો બતાવી આશ્રમની ઐતિહાસિકતા વર્ણવશે. આશ્રમ તરફથી તેઓને ચરખો અને કોફી ટેબલ બુક ભેટ આપવામાં આવશે. જ્યારે મેલેનિયા ટ્રમ્પને ખાદીની શાલ આપવામાં આવશે.અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ફર્સ્ટ લેડી મેલેનિયા ટ્રમ્પ અને વડાપ્રધાન મોદીની આગામી તા.૨૪ ફેબ્રઆરીની અમદાવાદ મુલાકાતને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ અને મોદી એરપોર્ટથી રોડ શો કરી સીધા ગાંધીઆશ્રમ જવાના છે. જ્યારે પણ વિવિધ દેશના વડા ગુજરાત કે અમદાવાદની મુલાકાતે આવતા હોય છે, ત્યારે ગાંધી આશ્રમ અચૂક આવે હોય છે અને રેંટિયો કાંતે છે. જેને પગલે ગાંધી આશ્રમ અને રાજ્ય સરકાર દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પના રેંટિયો કાંતવા અંગેની તૈયારીઓ કરી રહ્યા છે. આશ્રમમાં આવેલા હૃદયકુંજમાં ૭૩ વર્ષીય ટ્રમ્પ નીચે બેસી રેંટિયો કાંતશે કે પછી તેઓ માટે અન્ય કોઈ વ્યવસ્થા કરવી પડશે તેની તૈયારીઓમાં જોતરાયા છે. ગાંધીઆશ્રમ ખાતે ડોનાલ્ડ ટ્રમ્પ, ફર્સ્ટ લેડી મેલેનિયા ટ્રમ્પ અને વડાપ્રધાન મોદી અંદાજે ૩૦ મિનિટ રોકાવવાના છે. મહાનુભાવોની મુલાકાતને લઈ હૃદયકુંજની પાછળ એક સ્ટેજ તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ સ્ટેજ પર ૧૦ મિનિટ પ્રાર્થના સભા કે અન્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મોદી અને ટ્રમ્પ આવીને સીધા ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવશે. ત્યારબાદ તેઓ હૃદયકુંજ જશે, જ્યાંથી રિવરફ્રન્ટનો નજારો ટ્રમ્પને બતાવશે તેમજ મ્યુઝિયમની પણ મુલાકાત કરશે. ટ્રમ્પ અને પીએમ મોદીની સાબરમતી આશ્રમ મુલાકાત પહેલા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આશ્રમની અંદર ડોમ બનાવવામાં આવી રહ્યા છે. આશ્રમમાં રંગ રોગાન પણ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાત આશ્રમને રંગીન લાઈટથી શણગારવામાં આવ્યો છે. અહીંથી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ગાંધી આશ્રમ તરફથી ચરખો ભેટ આપવામાં આવશે. દરમ્યાન ગાંધી આશ્રમના ટ્રસ્ટી અમૃત મોદીએ જણાવ્યું હતું કે, ચરખો શા માટે એ અંગેનું લખાણ પણ ડોનાલ્ડ ટ્રમ્પને આપવામાં આવશે. આ ઉપરાંત મારો સંદેશ નામનું પુસ્તક પણ ટ્રમ્પને ભેટમાં આપવામાં આવશે. ગાંધી આશ્રમમાં લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ત્યારે એનએસજીના કમાન્ડો દ્વારા ગાંધી આશ્રમમાં સુરક્ષાની સમીક્ષા કરવામાં આવી છે. એનએસજી ઉપરાંત યુએસ સિક્રેટ સર્વિસ એજન્સીના જવાનોએ ગાંધી આશ્રમમાં ધામા નાખ્યા છે અને એકેએક શંકાસ્પદ ગતિવિધિ અને હિલચાલ પર નજર રાખી રહ્યા છે.




# યુએસ સિક્રેટ સર્વિસના જવાનો પહોંચ્યા

## ટ્રમ્પની અમદાવાદ યાત્રાને લઇને સુરક્ષા પાસાની સમીક્ષા તમામ જગ્યાઓ ઉપર પહેલાથી જ પોલીસ જવાનો તૈનાત

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદની યાત્રાએ આવી રહ્યા છે ત્યારે તેમના સ્વાગત માટે અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું છે. ચારેબાજુ કામ ચાલી રહ્યું છે. બીજી બાજુ ઐતિહાસિક ગાંધી આશ્રમ ખાતે તથા મોટેરા સ્ટેડિયમ તેમજ મોદી અને ટ્રમ્પના કાફલા તરફ દોરી જતાં માર્ગો ઉપર સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. પોલીસ જવાનો અને સુરક્ષા જવાનો પહેલાથી જ મોરચા સંભાળી ચુક્યા છે. ગાંધી આશ્રમ ખાતે પણ લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાંઆવી છે. માત્ર ભારતની સુરક્ષા સંસ્થાઓ,પોલીસ જવાનો અને અન્ય સુરક્ષા સાથે સંબંધિત લોકો જ તમામ પાસાની પાસાની ચકાસણી કરી રહ્યા નથી. તેમની સાથે સાથે હવે અમેરિકી પ્રમુખ ટ્રમ્પની યાત્રાને લઈને એનએસજીના કમાન્ડો ઉપરાંત અમેરિકી સિક્રેટ સર્વિસ એજન્સીના જવાનો પણ ગાંધી આશ્રમમાં ધામા નાંખી ચુક્યા છે અને તમામ ગતિવિધિ ઉપર નજર રાખી રહ્યા છે. આજે ટ્રમ્પની યાત્રાને ધ્યાનમાં રાખી સુરક્ષા પાસાઓને લઈને મહત્વની બેઠક યોજાઈ હતી જેમાં તમામ વરિષ્ઠ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

બીજી બાજુ સુરક્ષા જવાનોની તૈનાતીનો નિર્ણય થઈ ચુક્યો છે. દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પ અને મોદીની અમદાવાદની મુલાકાતને લઈ પોલીસે તૈયારીઓ કરી દીધી છે. કાર્યક્રમને લઈ ડીસીપી વિજય પટેલે માહિતી આપતાં જણાવ્યું કે, રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની ગુજરાત મુલાકાતને લઈને તૈયારીઓ ચાલી રહી છે. ૨૫ આઈપીએસ, ૨૦૦ પીઆઇ, ૮૦૦ પીએસઆઈ અને ૧૦૦૦૦થી વધુ પોલીસ કર્મીઓ સહિતનો બંદોબસ્ત અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, વડાપ્રધાન મોદી સહિતના મહાનુભાવોને લઈ સુરક્ષા વ્યવસ્થામાં ખડકાશે. એરપોર્ટ પર તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે. પોલીસ તંત્ર દ્વારા સુરક્ષાને લઈ તમામ તૈયારીઓ કરી દેવાઈ છે. તમામ મહાનુભાવોની ફુલપ્રુફ સુરક્ષા વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. સૌથી નોંધનીય વાત એ છે કે, મોટેરા સ્ટેડિયમ ખાતે યોજાનારા કાર્યક્રમમાં આમંત્રણ વિના કોઈપણને એન્ટ્રી મળશે નહીં. કાર્યક્રમના ત્રણ કલાક પહેલા જ આમંત્રિત લોકોએ પ્રવેશ લઈ લેવો પડશે. સાથે સ્ટેડિયમમાં પાણીની બોટલ તેમજ ખાણીપીણી સહિતની વસ્તુઓ લઈને કોઈને પણ જવા દેવામાં આવશે નહી.

# પોલીસ ચેક વગર ઘર આપનાર સામે પગલા

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદ પહોંચી રહ્યા છે ત્યારે પોલીસે કોઈપણ તક લેવા તૈયારી દર્શાવી નથી. હોટલો, આસપાસના વિસ્તારો, સોસાયટીઓમાં પણ ચકાસણી થઈ રહી છે. તપાસનો સિલસિલો હવે આગામી દિવસોમાં પણ જારી રહે તેવી શક્યતા છે. પોતાના મકાનને ભાડે આપતા પહેલા પોલીસ સાથે દસ્તાવેજોની ચકાસણી કરાવી છે કે કેમ તેને લઈને પોલીસે શહેરભરમાં ઝુંબેશ હાથ ધરી છે જેના ભાગરુપે પોલીસ તપાસ વગર મકાન ભાડે આપનાર ૧૮ સામે કાર્યવાહી કરી છે. મોટેરા સ્ટેડિયમની આસપાસ, ચાંદખેડા, સરદારનગર, શાહીબાગ સહિતના વિસ્તારોમાં પોલીસ દ્વારા ઉંડી તપાસ કરવામાં આવી રહી છે. હોટલો અને રેસ્ટોરન્ટમાં પણ તપાસ થઈ રહી છે. છેલ્લા બે દિવસમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ચાંદખેડામાં ૧૮ મકાન માલિકો સામે કાર્યવાહી થઈ છે.

# અરવલ્લી-સાબરકાંઠાના ૨૦ હજારથી વધુ આદિવાસી ઢોલ-નગારા તિર-કામઠા સાથે વિધાનસભાનો ઘેરાવ કરશે

૨૩ ફેબ્રુઆરીથી ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આદિવાસીઓના ખોટા પ્રમાણપત્રો લઈ નોકરી કરનારને



દૂર કરવાની માંગણી સાથે આદિવાસી સંગઠનો આંદોલન કરી રહ્યા છે અને હાલ ધરણા પર બેઠા છે. ૨૬ દિવસથી ચાલી રહેલા આંદોલન પછી અને રાજ્યમાં જીલ્લા, તાલુકા કક્ષાએ રેલી અને આવેદનપત્ર આપવાના ભરચક આંદોલન પછી પણ સરકાર તરફથી કોઈ સકારત્મક પ્રતિઉત્તર નહિ મળતા ૨૬ ફેબ્રુઆરીએ આદિવાસી સમાજના વિવિધ સંગઠનોએ ગાંધીનગરમાં વિશાળ રેલી અને વિધાનસભાના ઘેરાવ કરી ન્યાયની માંગ કરવા આંદોલન કરશે. જેમાં સમગ્ર ગુજરાતના આદિવાસી સમાજના લોકો પરંપરાગત વાદ્યો અને તીરકામઠાં સાથે જોડાવવા આહવાન કરવામાં આવ્યું છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાંથી ગાંધીનગર ખાતે રેલી અને વિધાનસભા ઘેરાવ કાર્યક્રમમાં ૨૦ હજારથી વધુ આદિવાસી સમાજના લોકો તિર-કામઠા, ઢોલ-નગારા આદિવાસી સંસ્કૃતિના પરંપરાગત વાજિંત્રો સાથે જોડાશે. હાલ આદિવાસી સમાજના હક્ક માટે જોડાવવા તિર-કામઠા બનાવવા તડામાર તૈયારીઓ આદરી દીધી છે. આદિવાસી સમાજની વિવિધ સમિતિઓ દ્વારા બંને જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં બેઠકોનો દોર ચાલી રહ્યો છે. વિધાનસભા ઘેરાવ અને રેલીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને આંદોલન શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તેની ખાસ તકેદારી રાખવા માટે સમાજના અગ્રણીઓએ આહવાન કર્યું છે.

૨૬ ફેબ્રુઆરીએ આદિવાસી સમાજની ગાંધીનગરમાં મહારેલી અને વિધાનસભા ઘેરાવના કાર્યક્રમથી તંત્ર અને આઈબી સતર્ક બન્યું છે. એલઆરડી ભરતી પ્રકરણમાં અનામત વર્ગની મહિલાઓનું આંદોલન હજુ યથાવત છે ત્યારે આદિવાસી સમાજની મહારેલી અને વિધાનસભા ઘેરાવ કાર્યક્રમથી સરકાર બેકફૂટ પર આવી ગઈ છે.



## ઝાલાવાડની ધરતી પર રચાયો વિશ્વ વિક્રમ

મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની જન્મજયંતિ નિમિત્તે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ઝાલાવાડ યોગ સમિતિ અમે ઝાલાવાડ ફેડરેશન ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના સહકારથી સુરેન્દ્રનગર ખાતે ૫૦૦૦ લોકોએ ૩.૫ મિનિટ સુધી ત્રાડાસન કરીને વર્લ્ડ રેકોર્ડ નોંધાયો હતો. અગાઉ ત્રાડાસન માટેનો રેકોર્ડ ૨.૭૫ મિનિટનો હતો. જે ઝાલાવાડની ધરતી પર સુરેન્દ્રનગરના લોકોએ તોડ્યો અને નવો વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો છે. આ પ્રસંગે સાંસદ ડૉ મહેન્દ્ર મુંજપરા, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શિશુપાલજી રાજપૂત અને ધારાસભ્ય ધનજીભાઈ પટેલ, કિશોરસિંહ ઝાલા સહીત તમામ આયોજકોને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના ગુજરાત રાજ્યના પ્રમુખ અશ્વિન ત્રિવેદી અને દિવ્યાંગ ગાંધીએ વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર અર્પણ કર્યું હતું. આ તબક્કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, લંડનની સંસદના સાંસદ વીરેન્દ્ર શર્મા, સાંસદ રંજનબેન ભટ્ટ, વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના ચેરમેન દિવાકર શુક્લ, ભારતના પ્રમુખ સંતોષ શુક્લ અને ગુજરાત રાજ્યના સચિવ દિવ્ય ત્રિવેદીએ સર્વેને અભિનંદન પાઠવ્યા હતા.

## અમેરિકા સ્થિત ડીએક્સ. પાર્ટનર્સ ગુજરાતને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન ક્ષેત્રનું કેન્દ્ર બનાવશે

અમેરિકી પ્રમુખની ભારત મુલાકાત પૂર્વે પરિણામ આધારિત અર્થતંત્ર માટે સંશોધન, રોકાણ શિક્ષણ અને સમુદાય નિર્માણ ક્ષેત્રે સંકળાયેલી અમેરિકા સ્થિત વેન્ચર સ્ટુડિયો કંપની ડીએક્સ પાર્ટનર્સ ગુજરાતને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નું કેન્દ્ર બનાવવા માટે મોટાપાયે યોજનાઓ ધરાવે છે. ડીએક્સ. પાર્ટનર્સ વર્ષ ૨૦૨૧માં જ આઠ નવા સ્ટાર્ટઅપ્સમાં રોકાણ કરશે અને તેને આગળ લઈ જશે. આ નવીનતમ કંપનીઓને વિશાળ કદની બનાવવા માટે કંપનીની પોર્ટફોલિયો કંપનીઓ આગામી એક વર્ષમાં ૨૦૦થી વધુ ટેક પ્રોફેશનલ્સને નોકરી આપશે અને લાખો ડોલરનું રોકાણ કરશે જેથી ગુજરાત ઝડપથી વિકસી રહેલા ૧.૯ ટ્રિલિયન અમેરિકી ડોલરના ડિજિટલ ટ્રાન્સફોર્મેશન માર્કેટની તકો ઝડપી શકે.

# બાયડમાં ભિક્ષાવૃત્તિ કરતા ત્રણ વ્યક્તિને જોઈ બાળકો ગભરાયા

## બાળકો ઉઠાવી જતી ગેંગની અફવાથી ત્રણેને પોલીસ હવાલે કરાયા

સોશ્યલ મીડિયાના જમાનામાં ફેક મેસેજ વાઈરલ થવાની ઘટનાઓ છાસવારે બની રહી છે. અફવા ફેલાવતા મેસેજથી અનેક હોવાનું લાગતા ત્રણેને ઘેરી લીધા હતા. બાયડમાં બાળકોને ઉઠાવી જનાર ગેંગ આવી હોવાના મેસેજ સોશ્યલ મીડિયામાં ખોટા મેસેજ અને બાળકોને ચોકલેટની લાલચ આપી ઉઠાવી ગયા હોવાના મેસેજ વાઈરલ થતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા. લોકોએ



નિર્દોષ લોકો ટોળાનો ભોગ બન્યા છે રાજ્યમાં બાળકોને ઉઠાવી જતી ગેંગ ઉતરી પડી હોવાના મેસેજના કારણે લોકોમાં ભય અને આક્રોશ જોવા મળે છે અને શંકાસ્પદ લોકોને મારકૂટ કરવા લાગે છે. આવીજ એક ઘટના અરવલ્લીના બાયડ શહેરના કસ્બા વિસ્તારમાં બની હતી. ભિક્ષાવૃતિ માટે આવેલ બે પુરુષ અને એક મહિલાને ઘર નજીક રમતા બાળકો ગભરાઈ જતા ભાગવા લાગતા લોકોને બાળક ઉઠાવી જનાર ગેંગ વાઈરલ થતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા પોલીસને જાણ કરાતા પોલીસ ત્રણે લોકોને પોલીસસ્ટેશન લઈ ગઈ હતી અને અફવાના પગલે ભયનો માહોલ પેદા થયો હોવાનું જણાવ્યું હતું.

મંગળવારે સવારે બાયડના કસ્બા વિસ્તારમાં ઘર આગળ રમતા બાળકો ભિક્ષાવૃતિ માટે આવેલ બે આધેડ પુરુષ અને મહિલાને જોઈ બાળકો ગભરાઈ જતા અને બુમાબુમ કરી ઘર તરફ પ્રયાણ કરતાં ત્રણે ભિક્ષુકોના પાસે રહેલા સરસામાન ચેક કરી પૂછપરછ હાથ ધરી હતી જે અંગેના વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા થોડીક જ મિનિટોમાં ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. બાયડ પોલીસને જાણ કરવામાં આવતા ઘટનાની ગંભીરતા સમજી લોકોના ટોળાનો રોષનો ભોગ બને તે પહેલા ત્રણે લોકોને પોલીસજીપમાં બાયડ પોલીસ સ્ટેશનમાં લઈ જતા લોકોના ટોળેટોળા પોલીસ સ્ટેશને ઉમટ્યા હતા.

### અંગ્રેજી માધ્યમ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પગલે તંત્રએ વિચારણાને વધુ સક્રિયતાથી અને ગંભીરતાથી આગળ વધવા મટે મન બનાવી લીધુ છે. શિક્ષણ વિભાગે આ દિશામાં શહેરના શિક્ષણ વિભાગ પાસે દરખાસ્ત પણ મંગાવી હોવાની વાતો બહાર આવવા પામી છે જો કે તંત્ર હાલ આ બાબતે કંઈજ કહેવાનો ઈન્કાર કરતાં જણાવે છે કે ગુણવત્તાસભર શિક્ષણ એ જ અમારૂ લક્ષ્ય છે.

### ગરમીનો પારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખેડૂતોને ઉનાળુ વાવેતરની તૈયારીઓ કરવાના સંકેતો પણ આ બુલેટીનમાં આપવામાં આવ્યાં છે. બીજી તરફ બેવડી ઋતુ જેવા વાતાવરણને પગલે દવાખાનાઓમાં શરદી, ખાંસી અને ઉધરસના દર્દીઓની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. કેટલાક વિસ્તારોમાં તો પાણીજન્ય રોગચાળાએ પણ પગપેસારો કરી દીધાના વાવડ મળતાં આરોગ્ય તંત્ર સતર્કતા સાથે પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહેલ છે.

### આકરા પ્રશ્નો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવવાની મંજુરી આપવામાં આવતી નથી, પરંતુ મનપા દ્વારા બનાવવામાં આવી રહેલ ફાયરબ્રિગેડ સ્ટાફ ક્વાર્ટર્સની ઉંચાઈ દસ મીટર કરતા પણ વધુ છે, તેમ છતાં પણ લીફ્ટ વગર બિલ્ડીંગ બનાવી દેવામાં આવ્યું છે, તો તે બાબતનો ખુલાસો કરશોજી. સામાન્ય રીતે જન-સેવા કેન્દ્ર બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોર પર જ હોય છે, આથી મનપા દ્વારા નવી બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગમાં પણ જન-સેવા કેન્દ્ર ગ્રાઉન્ડ ફ્લોર ખાતે જ બનાવવામાં આવશે તે બાબત ચોક્કસ છે, તો બિલ્ડીંગની પાર્કિંગ વ્યવસ્થા ક્યાં કરવામાં આવી છે, તેનો ખુલાસો કરશોજી. ગાંધીનર મનપા દ્વારા નવી બની રહેલ બિલ્ડીંગ અંગે મનપાની ટાઉન પ્લાનિંગ શાખા સાવ અજાણ છે. ટાઉન પ્લાનિંગ શાખા પાસે નવીન બિલ્ડીંગની કોઈ જ માહિતી કે નકશા નથી, તો શું આ નિયમ મુજબ આવું હોઈ શકે? સામાન્ય રીતે ફાયરબ્રિગેડના કર્મચારીઓ, જવાનો ફાયરબ્રિગેડ શાખાની નજીકમાં જ ક્વાર્ટર્સમાં વસવાટ કરતા હોય છે, અને મનપા દ્વારા ફાયરબ્રિગેડ શાખાની કામગીરી નવીન બિલ્ડીંગમાંથી જ કરવાની હોવાથી બિલ્ડીંગમાં નવા બની રહેલા નવા સ્ટાફ ક્વાર્ટર્સ ફાયરબ્રિગેડના સ્ટાફને જ ફાળવવામાં આવશે કે અન્યને?

### રહીશો તોબા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુડાએ આ આવાસોની જાળવણીનુ કામ પણ જવાબદાર એજન્સીને સોંપ્યુ છે. આવાસ નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થયો છે. પરંતુ જાળવણી પાછળ ધ્યાન અપાતુ નથી જેના લીધે સ્થાનિકો ત્રાહીમામ છે. ગુડા નિર્મિત આવાસ યોજનામાં સિક્યુરીટી પણ ફરજ પર હાજર ન રહેતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે જયારે આવાસમાં પણ રહીશોની નાની મોટી ફરિયાદોનુ નિરાકરણ આવતુ નથી. ગુડાના તંત્રને આ મામલે અનેકવાર રજુઆત કરવા છતા હજુ સુધી આ સમસ્યાઓને ડામવા કોઇ આયોજન થતુ નથી.

### અનિવાર્ય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ કોન્ફરન્સના પ્રારંભે દેશ વિદેશમાં લુપ્ત થતી પ્રજાતિના સંરક્ષણ માટે કોન્ફરન્સમાં દેશ વિદેશના પ્રતિનિધિઓએ ચિંતા વ્યકત કરી હતી. આ ઈન્ટરનેશનલ કોન્ફરન્સના પ્રારંભિક તબક્કા બાદ રાત્રિના સમયે બોલીવુડના જાણીતા અભિનેતા અને સી એમ એસ એમ્બેસેડર રણદીપ હુડ્ડાએ મહાત્મા મંદિરમાં હાજરી આપી રૂફટોપ ડીનર લીધુ હતુ. આ તબક્કે તેમણે લુપ્ત થતા પશુ પક્ષીઓને અનુલક્ષી અતિથિ દેવોની ભાવના વધુ મજબુત કરવા જણાંવ્યુ હતુ. આ અંગે રણદીપે સંદેશો આપતા જણાંવ્યુ હતુ કે આ ઉપરાંત માઈગ્રેટ થતા આ વન્યજીવ સંરક્ષણોની મહેમાનગતિમાં કોઈ કમી ન રહે તેવી વ્યવસ્થા ગોઠવાય તેવુ આયોજન કરવાની પણ ઈચ્છા વ્યકત કરી હતી. યાયાવર પક્ષીઓ માટે પણ યોગ્ય હવા પાણી અને ખોરાક મળી રહે તેમજ વાતાવરણમાંથી હવાનુ પ્રદુષણ ઘટે તેમજ અમારા પશુ પક્ષીઓ નથી તેવુ વિચારવાના બદલે તેમના સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે સજાગ થવા પણ જણાંવ્યુ હતુ. દેશ વિદેશમાં લુપ્ત થતી પ્રજાતિની સુરક્ષા થવી જોઈએ તેમજ આ પક્ષીઓ અહીં જ રહે તે માટે કુદરતી સ્વરૂપે વેઈટ લેન્ડ ઉભા કરવા જોઈએ. જેથી તેમને કુદરતી વાતાવરણમાં સાનુકુળ આશ્રો મળી રહે તે પણ અત્યંત જરૂરી છે. આ તબક્કે તેણે હવા અને અવાજનુ પ્રદુષણ ઘટવુ જોઈએ તેની અનિવાર્યતા પણ દર્શાવી હતી.રણદીપ હુડ્ડાએ ગુજરાતમાંથી લુપ્ત થતા ગ્રેડ ઈન્ડિયન બસ્ટર્ડની સંખ્યામાં વધારો થાય તે માટે સજાગ થવાની અપીલ કરી હતી. રણદીપે મહાત્મા મંદિરના રૂફ ટોપ ડીનર સહીત વિદેશી ડેલીગેટસ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ માંણ્યો હતો. ગુજરાતી ગરબા સહીત વિવિધ રાજયોના નૃત્યો નિહાળી બોલીવુડ અભિનેતા દંગ રહી ગયો હતો. તેણે જણાંવ્યુ હતુ કે ગુજરાતમાં અગાઉ અમદાવાદ તેમજ રણ વિસ્તારમાં મુવીના શુટીંગ માટે આવવાનુ થયુ હતુ.

### આગ ભભુકી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લીધી હતી. પરંતુ ત્યાં સુધીમાં કપડા બળી ગયા હતા. ભેદી આગ કઈ રીતે લાગી તે હાલ સેકટરવાસીઓમાં ચિંતા સાથે ચર્ચાનો વિષય છે. સે-૧૩ માં રહેતા ધોબીએ આ મામલે સ્થાનિક પોલીસને જાણ કરી છે.

સે-૩ સી માં આજે ઉગતા સુરજ સાથે એક ધોબી પર આભ ફાટી પડયુ હતુ. રોજ સવારથી રાત સુધી ભારેખમ ઈસ્ત્રી ફેરવીને સ્થાનિકોના કપડાની સિલવટોને ભેદતા ધોબીનુ જીવન બેહાલ બન્યુ હતુ. સે-૩ સીમાં છેલ્લા ૧૫ વર્ષથી ઈસ્ત્રીનુ કામ કરતા મુળ યુપી ગોરખપુરના રહેવાસી ચંદનભાઈની શકિત ચોક નજીક સ્થિત કેબીનમાં અચાનક જ ભેદી રીતે આગ ભભુકતા કેબીનમાં મુકેલા મોંઘાદાટ કપડા બળીને રાખ થઈ ગયા હતા. સે-૧૩ માં રહેતા અને સે-૩ સી માં કપડાને ઈસ્ત્રી કરીને પરિવારનુ ગુજરાન ચલાવતા ચંદનભાઈ માટે આજનો દિવસ સૌથી ખરાબ પુરવાર થયો હતો. રાત્રિના કપડાને ઈસ્ત્રી કરવાનુ કામ સમેટીને કેબીન બંધ કરી તેઓ પોતાના ઘરે નિકળી ગયા હતા. પરંતુ સવારે ૪ વાગ્યાના અરસામાં ધોબીની કેબીનમાંથી ધુમાડા નિકળતા હોવાનુ ધ્યાને આવતા સ્થાનક રહીશોમાં દોડધામ મચી ગઈ હતી. જયારે નજીકમાં રહેતા સુરેશ દશરથભાઈ બૈડેએ આ અંગે ફાયરબ્રિગેડને જાણ કરી હતી ફાયરબ્રિગેડે ઘટના સ્થળે પહોંચી આગની જવાળમાં લપેટાતા કપડા પર પાણીનો મારો ચલાવ્યો હતો. પરંતુ કપડા જલદીથી આગ પકડી લેતા આંખના પલકારામાં કેબીનમાં મુકેલા સઘળા પેન્ટ શર્ટ સહીત કુર્તા સહીત મહીલાઓના અવનવા વસ્ત્રો પણ બળીને રાખ થઈ ગયા હતા. લગ્નસરાની સિઝન હોવાના લીધે ધોબીની નાનકડી કેબીનમાં ખીચોખીચ નવા કપડાનો સ્ટોક પણ પડયો હતો. ધોબીની કેબીનમાં અંદાજિત ૨૦૦ જોડી કપડા હોવાનુ મનાય છે. પરંતુ બધુ આગની જવાળમાં લપેટાઈને ખાખ થઈ ગયુ હતુ. પલવારમાં જ ધોબી માથે મોટી પસ્તાળ પડી હતી. આસપાસના રહીશો અને મહીલાઓ પણ પોતાના કપડાની સ્થિતિ ચકાસવા સ્થળ પર દોડી હતી. મહીલાઓ પોતાના પતિદેવના બળેલા કપડા જોઈને આઘાતમાં સરી પડી હતી. સ્થળ પર આવેલી મહીલાઓ કાળાડીંબાંગ કપડામાં આગની જવાળમાંથી પોતાના બચેલા પેન્ટ શર્ટ શોધવા હાથ કાળા કરતી નજરે પડી હતી. એટલામાં એક મહીલા બોલી લે ..તારા પપ્પાનો આ શર્ટ બચી ગયો છે... આખો દિવસ આ સિલસિલો યથાવત રહ્યો હતો. સાંજના સમયે પણ જેમ જેમ રહીશોને ઘટનાની જાણ થતી ગઈ તેમ ઘટના સ્થળ પર સતત કપડા ફંફોસતા સેકટરવાસીઓની ભીડ જોવા મળતી હતી. બીજીતરફ આ આગ કઈ રીતે લાગી તે અંગે પણ સ્થાનિક રહીશોમાં અનેક તર્ક વિતર્ક ચર્ચા સ્થાને રહ્યા હતા. રાત્રિના સમયે ધોબીના દુશ્મને કે જાણભેદુએ અદાવત રાખીને આ અક્ષમ્ય હરકત કરી હોય તેવુ પણ ઘટના સ્થળે ચર્ચાઈ રહ્યુ હતુ.બીજીતરફ કેબીનના માલિક ચંદન ભાઈએ પણ આ ઘટના અંગે પોલીસને જાણ કરી હતી. બીજીતરફ ઘટનાથી આઘાત સાથે ઘેરી ચિંતામાં સરી પડેલા ધોબીને સ્થાનિકોએ સાંત્વના પણ આપી હતી. જયારે કપડાનુ નુકશાન ન વસુલવા માટે પણ તૈયારી દર્શાવી હતી. જયારે સ્થાનિક રહીશોએ કેટલીક રકમ એકત્રિત કરી ધોબીને નવો ગલ્લો ભેટ ધરવા પણ ફાળો ઉઘરાવાનુ શરૂ કર્યુ છે. સે-૩ સી ના રહીશોએ પણ માનવતા અને ઉદારતા દાખવી એક ગરીબ વ્યકિતને હીંમત આપવાનુ ઉમદા કામ કર્યુ હતુ.

### દેશ બન્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડોલરની અર્થવ્યવસ્થાનું લક્ષ્ય નક્કી કર્યુ છે. ભારત દુનિયાની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થાવાળો દેશ બની ગયો છે. ૨.૯૪ ટ્રિલિયન ડૉલરની ઈકોનૉમી સાથે ભારત વર્ષ ૨૦૧૯માં બ્રિટન અને ફ્રાન્સ કરતા આગળ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આવનાર પાંચ વર્ષની અંદર ભારતે ૫ ટ્રિલિયન ડૉલરની ઈકોનૉમી બનાવવાનું લક્ષ્ય રાખ્યુ છે.

### બંધ કરાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નિર્ણય લેવામાં આવ્યો છે કે, નક્કી કરવામાં આવેલી સંખ્યાને જૂન ૨૦૧૮માં પાર કરી લેવામાં આવ્યા બાદ હવે આ દિશામાં નવી પહેલ કરવામાં આવશે નહીં ગુગલ રેલવે સ્ટેશનો ઉપર ફ્રી વાઈફાઈ સર્વિસને હવે બંધ કરનાર છે. સેનગુપ્તાએ કહ્યું છે કે, આગામી દિવસોમાં પણ આ સંદર્ભમાં રજૂઆતોને ધ્યાનમાં લેવામાં આવશે.

### ત્રીજા મોરચાનો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે દાવો કરતા કહ્યુ હતુ કે બે લાખ ૯૩ હજાર યુવાનો તેમની સાથે જોડાયેલા છે. ૧૦ લાખ યુવાનોને જોડવાની તેમની યોજના રહેલી છે. પ્રશાંત કિશારે કહ્યુ હતુ કે આગામી બે દિવસમાં બાત બિહાર કી માધ્યમ સાથે પૂર્ણ રાજ્યના યુવાનોને જોડવાની યોજના રહેલી છે. તેમણે કહ્યુ હતુ કે તેઓ બિહારને આગળ લઈ જવા માટે કામ કરનાર છે. આગામી દસ વર્ષમાં બિહારને આગળ લઈ જવા માટે એક સશક્ત નેતૃત્વની જરૂર દેખાઈ રહી છે. તેમણે કહ્યુ હતુ કે જો જો ૧૫ વર્ષમાં ખુબ પ્રગતિ થઈ છે તો મોટા પ્રમાણમાં લોકો બિહારની બહાર કેમ જઈ રહ્યા છે. બિહાર હજુ સુધી દેશના સૌથી ગરીબ રાજ્યો પૈકી એક રાજ્ય તરીકે છે. વર્ષ ૨૦૦૫થી લઈને લઈને ૨૦૧૫ સુધી ડેટા જોવામાં આવ્યા બાદ રાજ્ય હજુ પણ પાછળ છે. બિહારમાં નિતીશ કુમારે સાયકલ વહેચણી કરી હતી. સ્કુલ બનાવ્યા હતા.